શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઈબ્રેરી ગ્રન્થમાળા નં. ૮

શ્રી નવતત્ત્વ સંક્ષિપ્ત સાર

અને

પ્રશ્નોત્તર ઉપયોગી પદ

ભવ્ય જીવોના હિતાર્થે

શ્રીમન્મુનિ મહારાજશ્રી હંસવિજયજી

મહારાજના શિષ્ય

પંન્યાસ સંપતવિજયજી સાહેબની

પ્રેરણાથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી તરફથી

સેક્રેટરી જેસીંગભાઈ છોટાલાલ સુતરીયા.

[illegible] પ્રેસમાં

શા. મણીલાલ છગનલાલે છાપ્યું

વીર સંવત ૨૪૪૪ વિક્રમ સં. ૧૯૭૪ સને ૧૯૧૮

આત્મ સંવત ૨૩.

કિ. ૦—૨—૦

મદદ આપનાર ગૃ

રૂ. ૧૧૮) શેઠ

થ ભિ

ખુશા

રૂ. ૧૨૫) ગાંધી

ગુરૂસ્તુતિ

ઠુમરી

જગો જગ નેમજિન તેરી ગતિ જાનીરે —એ દેશી —

હંસવિજય ગુરૂપાયા નમોભવિ પ્રાણીરે. હંસ આંકણી
ધન્ય ધન્ય દિન આજ, પધાર્યો શ્રી ગુરૂરાજ
ગીતારથ મહા ગંભીર, માની નહિં ધ્યાનીરે હંસ ૧
માણેકદેવીના નંદ જગજીવન કુલે ચંદ
વીરક્ષેત્રે અવતારી, હુવા ગુરૂજ્ઞાની રે હંસ ૨
મુખકજ સુંદરસોહે, દેખી ભવિભ્રમર મોહે
લળી લળી પાયે પડે, નિજ હિત જાનીરે હંસ ૩
પંચ મહાવ્રત ધારક, પંચદીપ્રમાદટારક
તજી જેણે દોલત દુનિયા દિવાનીરે હંસ ૪
ધન્ય ધન્ય ગુરૂહંસ, સોભાવ્યો ઉભય વંશ
નમન કરી કેઇ શાયે, સુણી ગુરૂ વાણીરે હંસ ૫
દક્ષીણ પૂરવ દેશ; પંજાબ મરૂ વિશેષ
માળવા મેવાડ કચ્છ, ફરી તાર્યા પ્રાણીરે હંસ ।
આતમ લક્ષ્મી નાયક,ધર્મ રૂપી સંપદદાયક

મદદ આપનાર સદ્ ગ્રહસ્થોના મુબારક નામે

રૂ. ૧૧૮) વૈદ્ય મગનલાલ ચુનીલાલની સુપતિ
શ્રાવિકા મોતીની અઠ્ઠાઈ તપની
ખુસાલીમાં કુલ છપણીના ખરચના.

રૂ. ૧૨૫) ગાંધી તારાચંદભાઈ પાદરા.

રૂ. ૧૨૫) શા. લલુભાઈ વીરચંદ
હ. હીરાલાલ તથા સાંકલચંદ પાદરા.

રૂ. ૧૨૫) શા. ગુલાબચંદ ભાઈચંદ મારારરોડ.

રૂ. ૧૨૫) શા. નાનચંદ રાયચંદ અમદાવાદ.
હા. હીરાભાઈ

રૂ. ૭૫) શા. લખમસી માણેકચંદ કચ્છી-ઝીંઝુવન.

રૂ. ૬૧) શા. પ્રાગજી ધર્મસી મુંબાઈ.
હા. શ્રાવિકા નવલબાઈ

રૂ. ૫૦) શા. માંગીલાલ ફતેચંદભાઈ, અમરાવતી

રૂ. ૫૦) બાબુ સમરમલજી સુરાણા કલીકત્તા બંદર

રૂ. ૫૦) જવેરી અંબાલાલ નાનાભાઈ વડોદરા.

રૂ. ૨૫) શા. હાથીભાઈ ગગલભાઈ પુના.

કુ. ૮૧૧)

બુકો. ગ્રાહકના નામ.

૫૦૦) શા. વીરચંદ મનસુખલાલ-પાદરા પાસે ગવાસા

ગુરૂસ્તુતિ

ઠુમરી

જાવો જાવો નેમપિયા તોરી ગતિ જાનીરે —એ દેશી—

હંસવિજય ગુરૂપાયા નમોભવિ પ્રાણીરે. હંસ આંકણી
ધન્ય ધન્ય દિન આજ, પધાર્યા શ્રી ગુરૂરાજ
ગીતારથ મહા ગંભીર, માની નહિં ધ્યાનીરે હંસ ૧
માણેકદેવીના નંદ જગજીવન કુલે ચંદ
વીરક્ષેત્રે અવતારી, હુવા ગુરૂજ્ઞાની રે હંસ ૨
મુખકજ સુંદરસોહે, દેખી ભવિભ્રમર મોહે
લળી લળી પાયે પડે, નિજ હિત જાનીરે હંસ ૩
પંચ મહાવ્રત ધારક, પંચહીપ્રમાદટારક
તજી જેણે દોલત. દુનિયા દિવાનીરે હંસ ૪
ધન્ય ધન્ય ગુરૂહંસ, સોભાવ્યો ઉભય વંશ
નમન કરી દેઇ શયે, સુણી ગુરૂ વાણીરે હંસ ૫
દક્ષીણ પૂરવ દેશ; પંજાબ મરૂ વિશેષ
માળવા મેવાડ કચ્છ, ફરી તાર્યા પ્રાણીરે હંસ ૬
આતમ લક્ષ્મી નાયક,ધર્મ રૂપી સંપદદાયક

આદિજીન મંડલ વરે, દર્ષ દીલે આણીરે હંસ ૭
નમી ગુરૂ શુભભાવે, દાય લોકો પાપ જાવે
કપૂર કહે ગુરૂ સેવા, પુન્યની નીશાનીરે હંસ ૮

કર્તા મુનિશ્રી કર્પૂરવિજયજી
૧૯૭૩ વૈશાખ સુદી ૭

શ્રીહંસમુનિ દર્શન કાવ્ય.

રાગ–પ્રભાત ઝુલણા

આજ મુનિ હંસના દિવ્ય દર્શન કરી,
  હૃદય આનંદના ઓઘ ધરતું;
સુખદ સહવાસ જે પૂર્વ કાલે કર્યો,
  તે બધા સદ્ગુણો સ્મરણ કરતું;
સેંકડો સાધુઓ વિજય આનંદના,
  સકલ આ ભારતે સો વિહારી;
અધિક મુનિ હંસ તે સર્વમાં ચળકતા,
  શુદ્ધ ચારિત્રથી જ્ઞાન ધારી. આજ.
ધર્મના વીરગતે વીરક્ષેત્રે થયા,
  ધર્મની ગર્જના ગુર્જર થઈ;

હંસમુનિ કેશરી નાદના શ્રવણથી,
હરિણ મિથ્યાત્વની શક્તિ ક્યાં ગઇ.
પરમપન્યાસ સંપદ્વિજ્ય સાથમાં,
હંસ હર્ષે કરી વાસ કરતાં;
કુસુમ કર્પૂરના સુરભને સ્નેહથી,
સાચવી સોમગુણ આપ ધરતાં.
ધર્મ સંયમ તણી ઉભય પાંખો ધરી,
ભારતી ગગનમાં હંસ ખેલે;
તત્વમૌક્તિક ચણે ચતુરતાથી સદા,
ભવ્ય માનસ વિષે રંગ રેલે.

હંસવિનોદની વાણીના ઝરણથી,
દેવગુરૂ ધર્મના તત્વ ઝરતાં;
વિમળ હૃદયે કરી સદ્ય તે વાંચતાં,
પરમહંસો બધા સદ્ય બનતા.
આવીને ભાવપુરથી દશાપુર વિષે,
હંસમુનિ ચરણની ભેટ લીધ
હંસ દર્શન કરી રંગ અંગે ધરી,
નર્મદે હોંશ તે પૂર્ણ કીધી.

શાસ્ત્રીજી નર્મદાશંકર દામોદરજી
ભાવનગર હાઇસ્કુલ. | મ

પ્રસ્તાવના.

દાસ બન્ધુઓને નિવેદન કરવાનું કે આ લઘુ પુસ્ત
શ્રીમાન પ્રાચીન મહાન આચાર્ય મહારાજાઓ દ
ભવ્ય જીવોને તરવામાં ઝાઝ સમાન એવા આગ
મહોદધિમાંથી સાર રૂપ ઉદ્ધાર કરેલ નવતત્ત્વ પ્રકરણ
વિવેચન વિસ્તારથી છપાવવામાં આવેલ છે.

આ વાત જગજાહેર છે કે આવા લઘુ પુસ્તકની પ્ર
સ્તાવનાની બીલકુલ જરૂર હોયજ નહિ છતાં શ
ઉદ્દેશથી આ પુસ્તક બહાર મુકવામાં આવ્યું, અને
કોણે કોણે મદદ કરી વિગેરે હકીકત જાહેર કરીએ છીએ.

આ નવતત્ત્વ પ્રકરણનું વિવેચન અગર છુટા બોલો એવી સ્પષ્ટ અને સરલભાષામાં અમને એક નિઃસ્વાર્થી ધર્મપરાયણ બન્ધુએ તૈયાર કરી આપ્યા જેનો પ્રત્યેક જૈનબન્ધુ સુખે લાભ લઇ શકે એવા પ્રશસ્ત આશયથી હાલમાં અત્રે પાંજરાપોળમાં બીરાજતા પરમોપકારી સાન્તમૂર્તિ મુનિરાજ શ્રીમાન હંસવિજયજી મહારાજ કે જેઓની સૌમ્ય મુદ્રાના દર્શન કરવાથી

સંસારરૂપ પ્રચંડ દાવાનલમાં બળી રહેલા જન્તુઓને એકાન્ત શાન્તિ પ્રાપ્ત થાય છે તેવા અને અહર્નિશ જ્ઞાનધ્યાનમાં તત્પર રહેવા સાથે પરતું કલ્યાણ કોઈ રીતે થાઓ તેવા ઉત્કૃષ્ટ ભાવનાવાળા જેઓ સતત જાગૃત છે તેમનાજ શિષ્યરત્ન પન્યાસજી મહારાજ શ્રીમાન્ સંપતવિજયજી ગણીજી મહારાજશ્રીએ અમારી લાયબ્રેરીને તે છપાવી પ્રસિદ્ધ કરવા ઉપદેશ કર્યો, અને સાતહજાર નકલો જેવી મોટી સંખ્યામાં છપાવવા ભલામણ કરી કે જેથી કોઈ પણ જૈનજન્તુ તેનો લાભ લઈ શકે.

ઉપરોક્ત પન્યાસજી શ્રીસંપતવિજયજી મહારાજ પણ તેવાજ ઉત્તમ ચારિત્રપાત્ર અને ભવ્ય જીવોને વ્યાખ્યાનદ્વારા ઉપદેશ દઈ અનેક જીવોનું કલ્યાણ કરવામાં તત્પર હોઈ આ બુકને પ્રસિદ્ધિમાં મુકનાર "હંસવિજયજી જૈન લાયબ્રેરી" ના ઉત્પાદક અને ઉપકારક છે, તેઓ સાહેબજીએ આ બુક પ્રસિદ્ધ કરવા અમારા ઉપર અનુગ્રહ કરી જે ઉપકાર કર્યો છે તે અમારાથી વિસરાય તેમ નથી, અમે તેમનો સંપૂર્ણ

આભાર માની પુનઃ તેવાં અપૂર્વ લાભનાં કાર્યો પ્રસંગોપાત બનાવશે તેવી વિનંતિ કરવા પૂર્વક અમે વિરમીએ છીએ.

આ બુક સુધારવામાં અત્રેની શેઠ મનસુખભાઈ ભગુભાઈની જૈન સ્કુલના માસ્તર ઉમેદચંદ રાયચંદે પણ અમોને ગણની સહાય કરી છે તેમનો પણ અંતઃકરણથી આભાર માનીએ છીએ.

આ બુકમાં છાપવામાં, સુધારવામાં કે લેખકના લખવામાં વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ જે કાંઈ થયું હોય તે માટે મિથ્યાદુષ્કૃત દેવા સાથે વાચક બન્ધુઓને ક્ષમા કરવા તથા સુધારવા જાહેર કરીએ છીએ.

આર્થિક સહાય આપનારનાં મુબારક નામો આ સાથે જોડયા છે અને તેઓનો આભાર માનવામાં આવે છે. ઉપરોક્ત ભાઈઓની ઉદારતાથી મદદ જો કે મળી છે પણ મોંઘવારીના સબબથી. ખર્ચ વધુ થવાથી અલ્પ મૂલ્ય રાખ્યું છે.

લી. હંસવિજયજી જૈન લાયબ્રેરી.

ॐ श्री पार्श्वनाथाय नमः

श्री.

(નવ તત્વો)

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધ, અને, મોક્ષ, એ નવ તત્વ છે.

(૧) સુખ દુઃખને જાણે જ્ઞાનાદિચેતનાલક્ષણવાન્ પ્રાણીને ધારણ કરે, તે જીવ.

(૨) જીવથી વિપરીત, ચેતના રહિત, તે અજીવ.

(૩) જે કર્મના શુભ પુદ્ગલોના સંચયથી સુખનો અનુભવ થાય તે પુણ્ય તત્વ.

(૪) તેથી વીપરીત અશુભ

સંચયથી દુઃખનો અનુભવ થાય

(૫) શુભા શુભ કર્મોપાર્જન

દિક તે આશ્રવ.

(૬) જેથી આવતાં કર્મ રોકાય, અર્થાત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તી આદિથી આશ્રવનો રોધ કરવો તે સંવર.

(૭) બાર પ્રકારના તપ વડે આત્મપ્રદેસમાંથી દેશ થકી કર્મ જુદાં થાય છે. અથવા પુર્વે કરેલા કર્મોનો જે ક્ષય થાય છે, તે નિર્જરા.

(૮) નવાં કર્મોનું આત્મા સાથે ક્ષીરનીરની પેઠે જોડાઈ જવું તે બંધ.
૧

(૯) આત્મ પ્રદેશથી સર્વથા કર્મોનો ક્ષય થવો તે મોક્ષ.

(૨) જીવ અને અજીવ એ બે તત્વ જાણવા યોગ્ય છે, પુણ્ય, સંવર. નિર્જરા, અને મોક્ષ એ ચાર તત્વ ગ્રહણ કરવા યોગ્ય છે.

પુણ્ય તત્વ વ્યવહાર નયે શ્રાવકને ગ્રહણ કરવું યોગ્ય છે. અને નિશ્ચય નય વડે ત્યાગ કરવું યોગ્ય છે.

પાપ, આશ્રવ, અને બંધ એ ત્રણ તત્વો સર્વથા કરવા યોગ્ય છે.

(૩) જ્ઞાન, દર્શન, ચારીત્ર, તપ, વીર્ય, અને ઉપ-
યોગ, એ જીવનું લક્ષણ છે. એ આત્માના સ્વભાવિક
મૂળ ગુણ છે.

૪ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય,
પુદ્ગલાસ્તિકાય, અને કાલ, એ પાંચ અજીવ દ્રવ્ય છે.
એ પાંચની સાથે જીવ દ્રવ્ય મેળવીએ એટલે ષટ દ્રવ્ય
કહેવાય છે.

૫ સાધુ પ્રમુખને ૧. અન્ન દીધાથી, ૨. પાણી
દીધાથી, ૩. રહેવાને સ્થાન દીધાથી, ૪. સુવાને પાટ
પ્રમુખ દીધાથી, ૫. પહેરવા તથા ઓઢવાને વસ્ત્ર દી-
ધાથી, ૬. મનથી શુભ સંકલ્પ કર્યાથી, ૭. વચને
કરીને સ્તુત્યાદિક કર્યાથી, ૮. કાયાએ કરી સેવા કર્યાથી,
અને ૯. નમસ્કારાદિક કર્યાથી પુણ્ય બંધાય છે. એ
પુણ્ય બેતાલીસ પ્રકારે જીવ ભોગવે છે.

૬ પ્રાણાતિપાત, ૧. મૃષાવાદ, ૨. ...

૩. મૈથુન, ૪. પરિગ્રહ, ૫. ક્રોધ, ૬. માન, ૭. માયા, ૮. લોભ, ૯. રાગ, ૧૦. દ્વેષ, ૧૧. કલહ, ૧૨. અભ્યાખ્યાન, ૧૩. પૈશુન્ય, ૧૪. રતિ અરતિ ૧૫. પરપરિવાદ, ૧૬. માયા મૃષાવાદ, ૧૭. મિથ્યાત્વ શલ્ય, ૧૮. એ અઢાર પ્રકારે પાપ બંધાય છે અને બ્યાસી પ્રકારે ભોગવાય છે.

(૭) પાંચ ઇંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત ત્રણ જોગ, અને પચીસ ક્રિયા મળી બેંતાલીસ ભેદ આશ્રવ તત્વના છે.

(૮) પાંચ સમિતિ, ત્રણ ગુપ્તી, બાવીસ પરિસહ, દશ પ્રકારનો યતિધર્મ, બાર ભાવના, અને પાંચ ચારિત્ર એ સત્તાવન ભેદ સંવર તત્વના છે.

(૯) નિર્જરના બે ભેદ છે.

(૧) દ્રવ્ય નિર્જરા, (૨) ભાવ નિર્જરા, અથવા અકામ નિર્જરા અને સકામ નિર્જરા. પુદ્ગલને ખસેડવું તે દ્રવ્ય નિર્જરા, તથા તિર્યંચાદિકની પેઠે ઇચ્છા વિના કષ્ટ સહન કરતાં કર્મ પુદ્ગલનું જે ક્ષય થવું તે ને દ્રવ્ય નિર્જરા અથવા અકામ નિર્જરા કહે છે.

આત્માના શુદ્ધ પરિણામે કરી કર્મની સ્થિતિ જે પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારના તપે કરી નીરસ કર્યા એવા જે કર્મ પરમાણું તે જેનાથી સડે એવા જે આત્માના પરિણામ થાય તે ભાવ નિર્જરા જાણવી. તથા સંયમી થકાં કષ્ટ સહન કર્યાથી જે કર્મ પરમાણુંઓનું સડવું કરવું અથવા સડવું તેને ભાવ નિર્જરા અથવા સકામ નિર્જરા કહે છે અને તેના બે ભેદ છે. બાહ્ય અને અભ્યંતર બાહ્યના છ અભ્યંતરના છ મળી બાર પ્રકારે છે એ બાર પ્રકારનું તપ કરવાથી સારી તપ. અનાદિ સંબંધ વાળા કર્મોનું પરિશાટન થાય છે. એ બે ભેદમાં બાહ્ય તપ અને બીજું અભ્યંતર તપ એ દરેકના છ છ ભેદ છે.

છ પ્રકારના બાહ્ય તપ.

(૧) અનશન તપ.-આહારનો સર્વથા ત્યાગ કરવો છઠ અઠમાદિકથી માંડીને છ માસીસુધી અનેક વિધિએ. જે નિયમ યુક્ત અશનાદિનો ત્યાગ કરવો તે. તે તપ બે પ્રકારે છે ઇત્વર અને યાવત્ જીવતા સુધી

(૨) ઊણોદરિકા તપ.

ભોજનમાં કાંઈક ઓછું ખાવું તે ઊણોદરિકા તપ, રાગાદિ તથા કષાયાદિક ઘટાડવા તે ભાવ ઊણોદરિ.

(૩) વૃત્તિસંક્ષેપ. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી, અને ભાવથી. ભોજનનો સંક્ષેપ કરવો અને અભિગ્રહ નિયમાદિક ધારવા તે.

(૪) રસત્યાગ તપ-ઘૃતાદિ વિગયો છોડવા તે.

(૫) કાયકલેશ તપ-લોચાદિક અનેક પ્રકારના કષ્ટનું સહન કરવું તે.

૬ સંલીનતા તપ–અંગોપાંગાદિકનુ સંવરવુ, ગોપન કરવું, તેના ચાર ભેદ છે. પહેલું ઇંદ્રિય સંલીનતા બીજું કષાય સંલીનતા, ત્રીજું યોગ સંલીનતા, અને ચોથું વિવિધચર્યા સંલીનતા, એટલે એકાંત વાસે રેહવું તે.

આ છ પ્રકારનું તપ શરીરને તપાવે છે. આ તપથી કષ્ટ ઘણું અને લાભ અલ્પ થાય છે.

૬ પ્રકારનું અભ્યંતર તપ.

૧. પ્રાયશ્ચિત તપ—કરેલા અપરાધની શુદ્ધિ કરવી. કપટ રહીત પણે લાગેલા દોષને ગુરૂ આગળ પ્રકાશ કરી તેની ગુરૂ મુખે આલોયણા લેવી તે.

૨. વિનય તપ—ગુરૂવંતાદિકની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાયા, અને લોકોપચાર એસાત પ્રકારનું વિનય તપ છે.

(3) વૈયાવૃત્યતપ—આચાર્યાદિક દશ જણની અશન, પાન, વસ્ત્ર, પાત્ર તથા ઔષધ પ્રમુખે કરી યથા યોગ્ય સેવા કરવી તે.

(૪) સ્વાધ્યાય તપ—વાંચના—પોતે ભણવું, શિષ્યાદિકને ભણાવવું.

પૃચ્છના—સૂત્રાદિકમાં સંદેહ પડવાથી ગુર્વાદિકને પુછવું તે.

પરિવર્તના—પુર્વે શીખેલાં સુત્ર તેનેફરીસંભારવા તે.

અનુપ્રેક્ષા—પુર્વે ધારેલા અર્થનું ચિંતવન કરવું તે તથા તર્ક તેનું સમાધાન કરવું તે.

ધર્મકથા-ધર્મસંબંધી કથા કહેવી અથવા ધર્મોપદેશ કરવો તે.

(૫) ધ્યાન-મનનું જે એકાગ્ર પણે અવલંબન કરવું તેના ચાર ભેદ છે.

(૧) આર્ત્તધ્યાન. (૨) રૌદ્રધ્યાન. (૩) ધર્મધ્યાન. અને શુક્લ ધ્યાન. આ ચારમાં પ્રથમનાં બે ત્યાગ કરવા લાયક છે. અને પાછલાં બે આદરવા લાયક છે.

(૬) કાયોત્સર્ગ-કાયાનો મમત્વ છોડીને ધ્યાનમાં રહેવું વિગેરે.

એ રીતે ૭ પ્રકાર અભ્યંતર તપના છે.

ઉપર નવ તત્વનાં નામ કહ્યાં, શ્રી ઠાણુંગ સૂત્ર માંહે જીવ અને અજીવ બે તત્વજ કહ્યાંછે. કારણકે જીવને પુણ્ય તથા પાપનો સંભવ છે. અને કર્મનો બંધ પણ તાદ્રિમિક છે. અને કર્મ છે તે પુદ્ગલ પરિણામ છે અને પુદ્ગલ તે અજીવ છે, તથા આશ્રવ છે. તે પણ મિથ્યા દર્શનાદિરૂપ ઉપાધીએ કરી જીવનો મલીનસ્વભાવ છે, તે પણ આત્માના પ્રદેશ અને પુદ્ગલ વિના બીજો કોઇ

૪ પ્રદેશ બંધ. કર્મના દલીકનો સંચય.

૧૧ કર્મબંધના હેતુ ચાર છે.

૧ મિથ્યાત્વ–અનન્ત શ્રંધા.

૨ અવીરતિ–અસદાચાર પ્રવૃતિ.

૩ કષાય–ક્રોધ, માન, માયા, લોભ.

૪ યોગ–મન, વચન. અને કાયા, ને મુકવા તે.

૧૨ સિદ્ધ જીવોના પન્નર ભેદ છે.

૧ જીન સિદ્ધ ૨ અજીન સિદ્ધ.

૨ તીર્થ સિદ્ધ, ૪ અતીર્થ સિદ્ધ.

૫ ગૃહસ્થ લિંગે સિદ્ધ, ૬ અન્ય લિંગે સિ

૭ સ્વ લિંગે સિદ્ધ, ૮ સ્રી લિંગે સિદ્ધ.

૯ પુરૂષ લિંગે સિદ્ધ. ૧૦ નપુંસક [સિદ્ધ.

૧૧ પ્રત્યેક બુદ્ધ સિદ્ધ, ૧૨ સ્વયં બુદ્ધ સિ

૧૩ બુધ્ધ બોધિત સિદ્ધ, ૧૪ એક સિદ્ધ.

૧૫ અનેક સિદ્ધ.

૧૩ આઠ પ્રકારના કર્મ છે.

૧ જ્ઞાના વરણીય, ૨ દર્શના વરણીય.
૩ વેદનિય, ૪ મોહનિય.,
૫ આયુ કર્મ, ૬ નામ કર્મ,
૭ ગોત્ર કર્મ, ૮ અંતરાય કર્મ.

૧૪ જ્ઞાના વરણીય કર્મનો સ્વભાવ આંખના પડદા જેવો છે, તે આત્માના જ્ઞાન ગુણને રોકે છે. તે પાંચ પ્રકારનુ છે.

૧ મતિ જ્ઞાનાવરણીય કર્મ.
૨ શ્રુત જ્ઞાનાવરણીય કર્મ.
૩ અવધિ જ્ઞાનાવરણીય કર્મ.
૪ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ.
૫ કેવળ જ્ઞાનાવરણીય કર્મ.

૧૫ દર્શનાવરણીય કર્મ મુખ્ય ૪ પ્રકારનું છે, તેનો સ્વભાવ પોલીયા સમાન છે. આ કર્મ જીવનો અનંત દર્શન ગુણ રોકે છે.

૧ ચક્ષુ દર્શનાવરણીય.

ચિત્ર રૂપ સંસારમાં દેવ તથા મનુષ્યનાં રૂડાં રૂપ અનેક પ્રકારનાં કરે, અને નરક એકેંદ્રિયા દિકનાં માઠાં રૂપ પણ અનેક નાં કરે, એ કર્મનો સ્વભાવ જીવનો ગુણ રોકવાનો છે. એ કર્મના ૪૨ ભેદ ૯૩ ભેદ છે એકસો ત્રણ ભેદ છે અને ભેદ પણ છે.

૨૪ ગતિ નામ કર્મ ચાર પ્રકારનું છે.
૧ દેવ ગતિ. ૨ મનુષ્ય ગતિ, ૩ તિર્યંચ ૪ નરક ગતિ.

૨૪ જાતી નામ કર્મ પાંચ પ્રકારનુ છે.
૧ એકેંદ્રિય, ૨ બે ઇંદ્રિય, ૩ તેઇંદ્રિ ૪ ચઊરિંદ્રિય, અને પંચેંદ્રિય, જાતિ નામ

આ ચાર ગતિની પેઠે ચાર પ્રકારની આનુપૂ

૨૫ શરીર નામ કર્મ પાંચ પ્રકારનું છે.
૧ ઔદારિક શરીર નામ કર્મ.
૨ વૈક્રિય શરીર નામ કર્મ.

૩ આહારક શરીર નામ કર્મ.
૪ તૈજસ શરીર નામ કર્મ.
૫ કાર્મણ શરીર નામ કર્મ.

પ્રથમનાં ત્રણ શરીરનેજ, અંગ, ઉપાંગ અને અંગોપાંગ હોય. તૈજસ, કાર્મણ તો ભવાંતરમાં પણ સંસારી જીવની સાથે રહેછે, માટે તેને અંગ ઉપાંગ નહોય.

બે બાહુ-ભુજા-બેઉરૂ-સાથળ-પૃષ્ટિ તે વાંસો, શિર-મસ્તક, ઉરતેહૃદય-ઉદરતે પેટ એ રીતે શરીર ને વિષે આઠ અંગ કેહવાય છે. તે અંગને વિષે આંગળી પ્રમુખતે ઉપાંગ કેહવાય, અને ઉપાંગને વિષે શેષ જે પર્વ, રેખા, નખ, રોમાદિક, તે અંગોપાંગ કેહવાય છે.

પાંચ શરીરને પાંચ જાતના બંધન અને પાંચ જાતના સંઘાતન છે. તે પ્રત્યેકનાં શરીરના અભિનામ છે.

૬ પ્રકારના સંઘયણ છે. એ સંઘયણ ઔદારિક શરીરેજ હોય બાકીના શરીરે નહોય.

વજ્ર રૂષભનારાચ, રૂષભનારાચ, નારાચ,
૧ ૨ ૩
અર્ધનારાચ, કીલિકા, અને સેવાર્ત (છેવડું).
૪ ૫ ૬

૨૯ છ પ્રકારના સંસ્થાનછે.
સમ ચતુરસ્ત્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ; વામન
૧ ૨ ૩ ૪
કુબ્જ અને હુંડક.
૫ ૬

૩૦ પાંચ પ્રકારના વર્ણ છે.
કૃષ્ણ, નીલ, રકત, પીત, અને શ્વેત.

૩૧ ગંધના બે ભેદ છે.
૧ સુરભિગંધ–સુગંધ કસ્તુરી વીગેરેનો.
૨ દુરભીગંધ–દુર્ગંધિ, લસણ વીગેરેનો.

૩૨ પાંચ પ્રકારના રસ છે.
૧ તિક્ત રસ, કડવો. ૨ કટુરસ તીખો. ૩ કષાયેલો રસ. ૪ ખાટો રસ. ૫ મીઠો રસ.

૩૩ આઠ પ્રકારના સ્પર્શ છે.
૧ ગુરૂ, ભારે, ૨ લઘુ, હલકો.

મૃદુ, કોમળ. ૪ ખર, ખરસટ.
શીત તાઢો ૬ ઊષ્ણ, ઉનો
૭ રૂક્ષ, લુખો, સ્નિગ્ધ, ચીકણો.

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર પુદ્ગલના મુખ્ય ધર્મ છે.

ચાર ગતિ પેઠે ચાર આનુ પુર્વી છે.
૧ દેવાનુપુર્વી, ૨ મનુષ્યાનુ પુર્વી.
૩ તિર્યંચાનુ પુર્વી, ૪ નરકાનુ પુર્વી.
એ આનુ પુર્વી પોત પોતાની ગતિ સાથે બંધાય, ગતિ સાથે ઉદય આવે, અને વેદાય. આનુપુર્વી નામ કર્મની પ્રકૃતિનો ઉદય તે તેગતિએ જતાં વાટે (રસ્તામાં) વિગ્રહ ગતિમાં હોય, તેનો કાળ બે ત્રણ સમયનો હોય છે, તે બળદના નાથની પેઠે જે રસ્તે બળદને લઈજવો હોય તે રસ્તે લઈજાય છે તેમ જીવને મરીને જે ગતિમાં જવાનું હોય તે જીવને આનુપુર્વી

વજ્ર ઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ,
૧ ૨ ૩
અર્ધનારાચ, કીલિકા, અને સેવાર્ત (છેવટુ).
૪ ૫ ૬

૨૯ છ પ્રકારના સંસ્થાન છે.
સમ ચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, વામન
૧ ૨ ૩ ૪
કુબ્જ અને હુંડક.
૫ ૬

૩૦ પાંચ પ્રકારના વર્ણ છે.
કૃષ્ણ, નીલ, રક્ત, પીત, અને શ્વેત.

૩૧ ગંધના બે ભેદ છે.
૧ સુરભિગંધ-સુગંધ કસ્તુરી વીગેરેની.
૨ દુરભીગંધ-દુર્ગંધિ, લસણ વીગેરેની.

૩૨ પાંચ પ્રકારના રસ છે.
૧ તિક્ત રસ કડવો. ૨ કટુરસ તીખો. ૩ કષાયલો રસ. ૪ ખાટો રસ. ૫ મીઠો

૩૩ આઠ પ્રકારના સ્પર્શ છે.
૧ ગુરૂ, ભારે, ૨ લઘુ, હલકો.

૩ મૃદુ, કોમળ. ૪ ખર, ખરખરા.
૫ શીત તાઢે ૬ ઊષ્ણ, ઉનો
૭ રૂક્ષ, લુખો, સ્નિગ્ધ, ચીકણો.

૪ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર પુદ્‌ગલના મુખ્ય ધર્મ છે.

૫ ચાર ગતિ પેઠે ચાર આનુ પુર્વી છે.
૧ દેવાનુપુર્વી, ૨ મનુષ્યાનુ પુર્વી.
૩ તિર્યચાનુ પુર્વી, ૪ નરકાનુ પુર્વી.
એ આનુ પુર્વી પોત પોતાની ગતિ સાથે બંધ ય, ગતિ સાથે ઉદય આવે, અને વેદાય. આનુ પુર્વી નામ કર્મની પ્રકૃતિનો ઉદય તે તેગતિ જતાં વાટે (રસ્તામાં) વિગ્રહ ગતિમાં હોય, તેનો કાળ બે ત્રણ સમયનો હોય છે, તે બળદનાનાથની પેઠે જે રસ્તે બળદને લઇજવો હોય તે રસ્તે લઇજાય છે તેમ જીવને મરીને જે ગતિમાં જવાનું હોય તે જીવને આનુપુર્વી લઇજાય છે.

૩૬ વિહાયોગતિના બે ભેદ છે.

૧ શુભવિહાયોગતિ-રાજહંસ, ગજ, હંસાદિકની પેરે ચાલે તે.

૨ અશુભવિહાયોગતિ-ઊંટ, ખર, તીડની પેઠે ચાલે તે.

૩૭ પરાઘાતનામકર્મના ઉદયથી, બળીયાને પણ દુર્ધર્ષ, દુઃસહ થાય, મોટી સભામાં જાય તો સર્વને ક્ષોભ પમાડે છે.

૩૮ ઉચ્છ્વાસ નામકર્મના ઉદયથી-શ્વાસોશ્વાસ લેવાની લબ્ધિવાલો હોય તે સુખપૂર્વક શ્વાસોશ્વાસ લે છે.

૩૯ આતાપ નામકર્મ-આ કર્મના ઉદયથી પોતે શીતળ છતાં ઉષ્ણપ્રકાશ કરે. સુર્યના બિંબને વિષે પૃથ્વીકાઈયા પર્યાપ્તા જીવનુંજ શરીર તાપ યુક્ત હોય. (બીજાને આતાપ નામ કર્મનો ઉદયના હોય.

૪૦ ઉદ્યોત નામ કર્મ-શીત પ્રકાશ રૂપ જે જીવનું શરીર (ચંદ્રની માફક) ઉદ્યોત કરે છે તે આ કર્મના ઉદયથી. જાણવું

૩૬ વિહાયો ગતિના બે ભેદ છે.

૧ શુભવિહાયોગતિ-વૃષભ, ગજ, હં[illegible]
ઢિકની પેરે ચાલે તે.

૨ અશુભવિહાયોગતિ-ઊંટ, ખર, તીડ[illegible]
પેઠે ચાલે તે.

૩૭ પરાઘાતનામકર્મના ઉદયથી, બળીયાને પ[illegible]
દુર્ધર્ષ, દુઃસહ થાય, મોટી સભામાં જાય [illegible]
સર્વને ક્ષોભ પમાડે છે.

૩૮ ઉશ્વાસ નામકર્મના ઉદયથી-શ્વાસોશ્વાસ લેવા[illegible]
લબ્ધિવાલો હોય તે સુખપૂર્વક શ્વાસોશ્વાસ લે છે

૩૯ આતાપ નામકર્મ-આકર્મના ઉદયથી પોતે
શીતળ છતાં ઉષ્ણપ્રકાશ કરે. સુર્યના બિંબને
વિષે પૃથ્વીકાઈયા પર્યાપ્તા જીવનુજ શરી[illegible]
તાપ યુક્ત હોય. (બીજાને આતાપ નામ કર્મ
નો ઉદયના હોય.

૪૦ ઉદ્યોત નામ કર્મ-શીત પ્રકાશ રૂપ જે જીવ[illegible]
શરીર (ચંદ્રની માફક) ઉદ્યોત કરે છે [illegible]
પ કર્મના ઉદયથી. જાણવું

૪૧ અગુરુલઘુ નામ કર્મ—ના ઉદયથી જેનુ શરીર અત્યંત ગુરૂ (ભારે) ન હોય, તેમ અત્યંત લઘુ હલકું) ન હોય સમ શરીર હોય.

૪૨ તીર્થંકર નામ કર્મ—આ કર્મના ઉદયે કરીને ત્રિભુવન વાસી દેવ દાનવ માનવને પણ પુજનિક હોય, તે તીર્થંકર નામકર્મનો ઉદય કેવળ જ્ઞાન ઉપનેજ થાય છદ્મસ્થને ન હોય; પણ જેમણે પુર્વે તીર્થંકર નામ કર્મ બાંધ્યુ હોય તેમને હોય સર્વ કેવળીને પણ ન હોય.

૪૩ નિર્માણ નામ કર્મ—આ કર્મના ઉદયથી જીવનાં અંગોપાંગ થાય છે આ કર્મ સુત્રધાર સરખુ છે.

૪૪ ઉપઘાત નામ કર્મ—આ કર્મના ઉદયથી જીવ પોતાના શરીર અવયવ અધિકા ઓછા, લંબીકા પડજીભી, રસોલી મસા, હરશ, ચોરદંત, પડઅંગુલી ઇત્યાદિથી હણાય દુઃખ પામે છે.

૪૫ ત્રસ નામકર્મ—આ કર્મના ઉદયથી બે ઇંદ્રિય, તે ઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેદ્રિયપણ્ પામે છે.

૪૬ બાદર નામ કર્મ-આ કર્મના ઉદયથી જીવે સ્થુલ, શરીર વાળા હોય.

૪૭ પર્યાપ્તનામકર્મનાઉદયથી જીવો પોત પોતાની (શક્તિઓ) પર્યાપ્તિએ યુક્ત હોય છે.

૪૮ પર્યાપ્તિ છ છે પર્યાપ્તિ એટલે શક્તિ આહાર, શરીર. ઇંદ્રિય, શ્વાસો શ્વાસ, ભાષા અને મન.

૪૯ પ્રત્યેક નામ કર્મ-આ કર્મના ઉદયથી દરેક જીવનુ જુદુ જુદુ શરીર હોય છે.

૫૦ સ્થિર નામકર્મ-આ કર્મના ઉદયથી શરીરને વિષે દાંત અસ્થિ વીગેરે અવયવો અડગ હોય છે.

૫૧ શુભ નામ કર્મ-આ કર્મના ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિક શુભ શ્રેષ્ટ અવયવ હોય છે. જેના સ્પર્શથી કોઇને અપ્રીતિ થતી નથી તે શુભ નામ કર્મનો ઉદય જાણવો.

૫૨ શૌભાગ્ય નામ કર્મ-આ કર્મના ઉદયથી સર્વે જીવને ઇષ્ટ, વલ્લભ હોય છે,

૫૩ સુસ્વર નામકર્મ-આ કર્મના ઉદયથી મધુર અને સુખદાયી સ્વર થાય છે.

૫૪ આદેય નામકર્મ-આ કર્મના ઉદયથી સર્વ લોકોને ગ્રહણ કરવા યોગ્ય વચન વાળો થાય છે.

૫૫ યશ નામકર્મ-આ કર્મના ઉદયથી દેશ અને પરદેશમાં યશકીર્ત્તિ થાય છે.

૫૬ ગોત્રકર્મ-આ કર્મના બે પ્રકાર છે. ઉંચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર.

૫૭ અંતરાયકર્મ-પાંચ પ્રકારનું છે.

૧ દાનાંતરાય-આ કર્મના ઉદયથી દ્રવ્ય, અને પાત્રનો યોગ છતાં દાન આપી શકે નહી.

૨ લાભાંતરાય-લાભના યોગ છતે લાભ પામી શકે નહી.

૩ ભોગાંતરાય-એકવાર ભોગવવા યોગ અનાજ, કુસુમ ચંદનાદિભોગ (તેનો યોગ છતે) ભોગવી શકે નહી. તે આ કર્મનો ઉદય.

૪ ઉપભોગાંતરાય-વારંવાર ભોગવવા યોગ્ય જે વસ્ત્ર ભુષણ સ્ત્રી આદિકનો યોગ છતે

ભોગવી શકે નહી. તે આકર્મનો ઉદય છે.

૫ વીર્યાંતરાય–છતિ શકિતએ શરીરે પુષ્ટ નિરોગી છતાં પણ પરાક્રમ કરી શકે નહી તે આકર્મનો ઉદય. ઉપર કહેલા પાંચને આડું આવે આ અંતરાયકર્મ ભંડારીના સરખું છે.

૫૮ સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય, અને શ્રોત્રેંદ્રિય, એ પાંચ ઇંદ્રિય છે.

૬૦ સ્પર્શ, રસ, ગંધ, રૂપ, અને શબ્દ એ પાંચ ઇંદ્રિયોના વિષય છે.

૬૧ જીવમાત્રને ૭ રીતે આપણે જાણી શકીએછીએ.

૧ સર્વ જીવને જ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો રેહવાથી ચેતના લક્ષણ વાન છે તે એક પ્રકારે.

૨ ત્રસ અને સ્થાવર એમ બે ભેદ પણ છે અં ત્રસ એટલે જેમનામાં હલન ચલન

ત્ર સ્થાવર એટલે જે સ્થિરતાવાનછેતે

૩ સ્ત્રીવેદ, પુરૂષવેદ, અને નપુંસકવેદ એમ
સર્વ જીવત્રિવિધ જાણુવા.

૪ દેવતા, મનુષ્ય, નારકી અને તિર્યંચ એમ
સર્વ જીવ ચતુર્વિધ જાણુવા.

૫ એકેંદ્રિ, બેંદ્રિય, તેંદ્રિય, ચૌરિંદ્રિય, અને
પંચિંદ્રિય, એમ સર્વ જીવ પંચવિધ જાણુવા.

૬ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય,
વનસ્પતિકાય, તથા ત્રસકાય, એમ સર્વજીવ
ષટ્વિધ જાણુવા.

પાંચ સ્થાવરના જીવો એકેંદ્રિય હોય છે. બેઇંદ્રિયથી
પચિંદ્રિય સુધીના જીવો ત્રસમાં આવે છે.
શાસ્ત્રમાં જીવના બીજા ઘણા ભેદ કહ્યા છે. પરંતુ
તે સર્વ અપેક્ષાથી છે. સ્વાભાવિ ભેદ તો એકજ
ચેતના લક્ષણ જીવો.

૬૨ પુદગલ-દ્રવ્યનુ ઓપાધિક લક્ષણ નીચે પ્રમાણે
શબ્દ, અંધકાર, પ્રકાશ, જ્યોતિ, છાયા, અ

તાપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, (એપુદગલો નું નિશ્ચય પણે લક્ષણ છે.)

૬૩ ધર્માસ્તિકાયનો સ્વભાવ ચાલવા ને સહાય દેવાનો કે જેમ મત્સ્યના સંચારનુ અપેક્ષા કારણ પાણી છે, તેમજીવ ને તથા પુદગલને ગતિપણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય, તેને ધર્માસ્તિકાય કહે છે. જેમ જલ વિના મત્સ્યનો સંચાર થઇ શકે નહી, તેમ ધર્માસ્તિકાય વિના જીવ અને પુદગલ ચાલી શકે નહી.

૬૪ અધર્માસ્તિકાયનો સ્વભાવ સ્થિર રાખવાનો છે. જેમ પંથીને વિશામો લેવાને માટે વૃક્ષાદિકની છાયા અપેક્ષા કારણ છે, તેમ જીવ તથા પુદગલને સ્થિતિ પણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય તેને અધર્માસ્તિ કાય કહે છે.

૬૫ આકાશાસ્તિ કાયનો સ્વભાવ જીવ તથા પુદગલને અવકાશ આપવાનો છે સાકરને જેમ દુધ અવકાશ આપે છે, તેમ

વસ્તુ માત્રને અવકાશ આપે છે તેના બે ભેદ છે

(૧) લોકાકાશ, (૨) અલોકાકાશ.

કાલ દ્રવ્યનો સ્વભાવ વર્તના લક્ષણ છે.

મનુષ્ય લોકમાં વ્યવહારથી કાલનાપ્રકાર નીચે પ્રમાણે કરે છે.

સમય, આવલી, મુહુર્ત, એક અહોરાત્રિએ દિવસ, પંદર અહો રાત્રિએ પખવાડીયું. બે પખવાડીએ એકમાસ. બાર મહીને એકવર્ષ, અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ, દશ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ, એવા દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી, અને બીજા દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી થાય, એ બે મલીને વીશ કોડાકોડી સાગરોપમે એક કાલચક્ર થાય. એવા અનંતા કાલચક્રે એક પુદગલ પરાવર્તન થાય.

આદિ સાંત, આદિ અનંત, અનાદિ અનંત, અને અનાદિ સાંત, એમ ચાર ભેદે કાળની વર્તના છે.

અતીત, અનાગત, અને વર્તમાન એ કાળના પ્રકાર છે.

૬૭ છ દ્રવ્યમાં જીવ અને પુદગલ એ બેદ્રવ્ય પરિણામી છે. બાકીના ચાર અપરિણામી છે. એક જીવ દ્રવ્યજીવ છે બાકીનાં પાંચ અજીવ છે.

છ દ્રવ્યમાં એક પુદગલ દ્રવ્ય, રૂપી છે, બાકીનાં પાંચ દ્રવ્ય અરૂપી છે.

છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય સપ્રદેશી છે, અને કાલદ્રવ્ય અપ્રદેશી છે.

છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ, અને આકાશ એ ત્રણ દ્રવ્ય એક છે, બાકીનાં ત્રણ દ્રવ્ય અનેક છે.

છ દ્રવ્યમાં એક આકાશક્ષેત્ર છે. બીજા પાંચ દ્રવ્યક્ષેત્રી છે. (આકાશમાં રહે છે.)

છ દ્રવ્યમાં જીવ અને પુદગલ એ બે દ્રવ્ય સક્રિય છે. બાકીના ચાર અક્રિય છે.

છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ ચાર દ્રવ્ય નિત્ય છે, બે ઉપાધીથી અનિત્ય છે.

(છ દ્રવ્યમાં જીવ દ્રવ્ય અકારણ રૂપ છે, બાકીના પાંચ કારણ રૂપ છે.)

છ દ્રવ્યમાં જીવ દ્રવ્ય કર્તા છે, બાકીના પાંચ અકર્તા છે.

છ દ્રવ્યમાં એક આકાશ સર્વગત છે, બાકીનાં પાંચ અસર્વગત છે.

છ એ દ્રવ્ય ખીરનીરનીપેરેં પરસ્પર અવગાઢ છે તથાપિ પ્રવેશ રહિત છે એટલે કોઈ પણ દ્રવ્ય બીજા દ્રવ્યમાં તદ્રુપપણે થતુંનથી માટે પ્રવેશ રહિત છે.

૬૮ સુદેવ, સુગુરુ, અને સુધર્મ એ ત્રણ તત્વ છે.

૧ અરિહંત, સિદ્ધ એ દેવ તત્વ છે.

૨ આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ,એ ગુરૂ તત્વ છે.

૩ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ધર્મતત્વછે

આ નવ તત્વ નવપદના નામથી ઓળખાય છે અથવા તેમને સિદ્ધચક્ર પણ કહે છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુએ ૫ ચ પરમેષ્ટી પણ કહેવાય છે.

૬૯ વર્તમાન ચોવીશીમાં અરિહંત એટલે તીર્થંકર થયા તેમના નામ

૧ શ્રી ઋષભદેવ, ૨ શ્રી અજિતનાથ, ૩ શ્રી સંભવનાથ ૪ શ્રી અભિનંદન, ૫ શ્રી સુમતિનાથ, ૬ શ્રી પદ્મપ્રભુ, ૭ શ્રી સુપાર્શ્વનાથ, ૮ શ્રી ચંદ્રપ્રભુ, ૯ શ્રી સુવિધિનાથ, ૧૦ શ્રી શીતળનાથ, ૧૧ શ્રી શ્રેયાંસનાથ, ૧૨ શ્રી વાસુપૂજ્ય ૧૩ શ્રી વિમળનાથ, ૧૪ શ્રી અનંતનાથ, ૧૫ શ્રી ધર્મનાથ, ૧૬ શ્રી શાંતિનાથ, ૧૭ શ્રી કુંથુનાથ, ૧૮ શ્રી અરનાથ, ૧૯ શ્રી મલ્લિનાથ, ૨૦ શ્રી મુનિસુવ્રત, ૨૧ શ્રી નમિનાથ ૨૨ શ્રી નેમનાથ, તેમને અરિષ્ટ નેમી પણ કહે છે. ૨૩ શ્રી પાર્શ્વનાથ ૨૪ શ્રી વર્ધમાન સ્વામી જેમને શ્રી મહાવીર પણ કહે છે.

૭૦ ઋષભ, ચંદ્રાનન, વરિષેણ અને વર્ધમાન, એ ચાર નામ શાશ્વતા તીર્થંકરના છે.

૭૧ શ્રીમહાવિદેહક્ષેત્રમાં વર્તમાનમાં વીચરતા વીશ તીર્થંકરના નામ.

૧ શ્રી સીમંધર સ્વામી. ૨ શ્રી યુગંધર સ્વામી.
૩ શ્રી બાહુ જિન. ૪ શ્રી સુબાહુ જિન.
૫ શ્રી સુવ્રત જિન. ૬ શ્રી સ્વયંપ્રભુ જિન.
૭ શ્રી રૂસભાનન. ૮ શ્રી અનંત વીર્ય જિન.
૯ શ્રી સુરપ્રભ જિન. ૧૦ શ્રી વિશાલ જિન.
૧૧ શ્રી વજ્રધર જિન. ૧૨ શ્રી ચંદ્રાનન જિન.
૧૩ શ્રી ચંદ્રાબાહુ જિન. ૧૪ શ્રી ભુજંગ જિન.
૧૫ શ્રી ઇશ્વર જિન. ૧૬ શ્રી નમિપ્રભુ જિન.
૧૭ વીરસેન જિન. ૧૮ શ્રી મહાભદ્ર જિન.
૧૯ દેવજસા. ૨૦ અજિતવીર્ય જીન.

૭૨ સર્વ તીર્થંકર અઢાર દુષણ રહિત હોય છે. તેનાં નામ. પાંચ પ્રકારના અંતરાય. ૧ દાનાંતરાય ૨ લાભાંતરાય ૩ ભોગાંતરાય ૪ ઉપ ભોગાંતરાય ૫ વીર્યાંતરાય.

૬ હાસ્ય, ૭ રતિ, ૮ અરતિ ૯ ભય, ૧૦ શોક, ૧૧ દુગચ્છા, ૧૨ કામ, ૧૩ કષાય, ૧૪ મિથ્યાત્વ, ૧૫ અજ્ઞાન, ૧૬ આનંત, ૧૭ રાગ અને દ્વેશ.

૭૩ શ્રી સિદ્ધ ભગવંત અષ્ટ કર્મથી રહિત હોય છે.

૭૪ આચાર્યના છત્રીસ ગુણ હોય છે.
૫ પાંચ ઇંદ્રિયના વિષયને રોકનાર.
૯ નવપ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર
૪ ચાર પ્રકારના કષાયથી મુક્ત.
૫ પાંચ માહાવ્રતે કરીને યુક્ત.
૫ પાંચ પ્રકારના આચારનું પાલનકરનાર
૫ પાંચ સમિતિને ધારણ કરનાર.
૩ ત્રણ ગુપ્તિના પાલનાર.

૭૫ ઉપાધ્યાયજીના પચીસ ગુણ.
૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ને ભણે તથા ભણાવે.

૧ ચરણ સિત્તિરી તથા ૧ કરણ સિત્તિરી ને શુદ્ધરીતે પાલે અને પલાવે.

સાધુના સતાવીશ ગુણો.

૫ પાંચ માહા વ્રતના પાલનાર.

૧ રાત્રિ ભોજનનો ત્યાગ.

૬ છકાય જીવની પોતાના આત્માની પેઠે રક્ષાકરે.

૬ પાંચ ઇંદ્રિય તથા છઠ્ઠો લોભ તેનો નિગ્રહકરે.

૧ ક્ષમા ગુણને ધારણકરે.

૧ ભાવવીશુદ્ધિ તે ચિત્તની નિર્મલતાકરે.

૧ બાહ્ય ઉપકરણાદિકનુ પડી લેહણ વિશુદ્ધિ એ ઉપયોગ સહીતકરે.

૧ સંયમને અનુકુલ એવા સમિતિ ગુપ્ત્યા દિયોગને આદરે.

૩ માઠે હામે મન, વચન [illegible] ાય

બીજાની પાસે રખાવે નહીં, રાખનારને અનુમો-દે નહીં. તે પરિગ્રહ વિરમણરૂપ પાંચમું મહાવ્રત જાણવું.

જે સાધુ સાધ્વી હોય તેઓએ ઔધિક ઉપકરણ તથા ઔપગ્રહિક સંથારો, ઉત્તર પટ્ટો, દાંડા પ્રમુખ ખપ પ્રમાણે રાખવાં. ખપ ઉપરાંત ગાંસડીએ બાંધીને ગૃહસ્થીના ઘરમાં અપજુત્ત કરી રાખવા નહીં. તેમ કરવાથી અર્થાત્ ખપ ઉપરાંત રાખવાથી મૂર્છારૂપ પરિગ્રહનું દૂષણ આવે છે.

દશ પ્રકારનો યતિ ધર્મ.

૧. ક્ષમા ધર્મ–ક્રોધનોત્યાગ.
૨. માર્દવધર્મ–માનનોત્યાગ.
૩. આર્જવધર્મ–માયાનોત્યાગ,કપટરહિતપણું
૪. મુક્તિધર્મ–નિર્લોભતા
૫. તપોધર્મ–ઇચ્છાનો નિરોધ
૬. સંયમધર્મ–સત્તર ભેદે સંયમની આરાધના કરવી
૭. સત્યધર્મ–સત્ય ભાષણ કરવું તે

૮. શૌચધર્મ–મન, વચન, કાયાને પવિત્ર રાખવા, તથા ભાત પાણી પ્રમુખ બહેંતાલીસ દોષરહિત આહાર લેવો.

૯. અકિંચનધર્મ–સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્છા રહિત થવું.

૧૦ બ્રહ્મચર્ય–નવ પ્રકારે ઔદારિક અને નવ પ્રકારે વૈક્રિય સંબંધિ મૈથુનનો ત્યાગ કરવો

બાવીસ પરિષહ.

પરિષહ એટલે સર્વ પ્રકારે નિર્જરાને અર્થે સહન કરવું તે અથવા પવિત્ર એવા મુક્તિ માર્ગના આરાધન કરવામાં સમસ્ત પ્રકારે દુખોને સહન કરવું તે. ૧. ક્ષુધા-ભુખ ૨. પિપાસા-તૃષા ૩. શીત ૪. ઉષ્ણ ૫. દંશ, ૬. અચેલક-જીર્ણવસ્ત્રાદિ ૭. અરતિ ૮. સ્ત્રી પરિષહ ૯. ચર્યા-ચાલવું તે ૧૦. નૈષેધિકી-સ્વાધ્યાય ભૂમિ ૧૧. શય્યા-ઉપાશ્રય ૧૨. આક્રોશ ૧૩. વધ ૧૪. યાચના ૧૫. અલાભ ૧૬. રોગ ૧૭. તૃણ સ્પર્શ-ઘાસ પ્રમુખ ૧૮. મલ ૧૯. સત્કાર ૨૦. પ્રજ્ઞા ૨૧. અજ્ઞાન ૨૨. સમ્યક્ત્વ.

આ બાવીશ પરિસહમાંથી સ્ત્રી પ્રજ્ઞા અને સત્
એ ત્રણ પરિસહ અનુકૂળ પરિસહ છે અને બાકી
ઓગણીસ પ્રતિકૂળ છે.

ચારિત્ર પાંચ પ્રકારનાં છે.

૧ સામાયિક } ૧. શ્રાવકને દેશ વિરતિરૂપ
૨ સાધુને સર્વ સાવદ્ય વિરતિરૂ

૨-છેદોપસ્થાપનીય-૩-પરિહાર વિશુદ્ધિ
૪-સુક્ષ્મ સંપરાય-૫-યથાખ્યાત

યથાખ્યાત ચારિત્રના બે ભેદ છે.

૧-છાદમસ્થિક-૨-કેવલિક

બાર તથા સોળ ભાવના

૧-અનિત્ય-૨ અશરણ-૩-સંસાર-૪-એકત્વ
૫-અન્યત્વ-૬ અશુચી-૭-આશ્રવ-૮-સંવર
૯-નિર્જરા-૧૦-લોકસ્વરૂપ-૧૧-બોધી દુર્લભ
૧૨-ધર્મ.

બીજી ચાર ભાવના

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, માધ્યસ્થ.
મેળવીએ તો સોળ થાય.

પાંચ મહાવ્રતમાંના દરેકની પાંચ પાંચ ભાવના મળી પચીસ ભાવના છે.

આ ભાવનાઓ પ્રમાદ રહિત થઈ શુદ્ધ મને કરી તથા પ્રયત્ને કરી ભાવવી.

સમકિતના ૬૭ ભેદ.

(૪) સદ્દહણા. (૩) લિંગ, (૧૦) વિનય, (૩) શુદ્ધિ, (૫) દૂષણ, (૮) પ્રભાવક, (૫) ભૂષણ, (૫) લક્ષણ, (૬) જયણા. (૬) આગાર, (૬) ભાવના, (૬) સ્થાનક.

ચાર પ્રકારની સદ્દહણા.

(૧) જીવા જીવાદિ પદાર્થનું સ્વરૂપ સમજવું અને તેના અર્થનો વિચાર કરવો.

(૨) શ્રુતજ્ઞાની સંવેગી અને શુદ્ધ પ્રરૂપક મુનિની સેવા કરવી.

(૩) નિન્હવ, યથાછંદા, પાસત્થા, ઉસન્ના, કુશીલિયા, વેષવિડંબક, અજ્ઞાની, એવાઓની સોબત કરવી નહીં, તેમને તજી દેવા.

(૪) મિથ્યાત્વિનો સંગ કરવો નહીં.

૪ સાંશયિક-સુત્રમાં, અર્થમાં, કે સુત્રાર્થમાં કાંઇ શંકા થાય પણ કોઇને તેનું સમાધાન પુછે નહીં તે સાંશયિક મિથ્યાત્વ.

૫ અનાભોગિક-જેઓ કાંઇપણ તત્વા તત્વનો વિચાર જાણતા નથી એવા એકેંદ્રિયાદિ જીવોને અજ્ઞાન રૂપ અનાભોગિક મિથ્યાત્વ જાણવું.

મિ ત્યાત્વની દશ સંજ્ઞા—

૧ અધર્મમાં ધર્મ સંજ્ઞા, ૨ ધર્મમાં અધર્મ
૩ ઊન્માર્ગમાં માર્ગસંજ્ઞા, ૪ માર્ગમાં ઊન્માર્ગ
૫ અજીવમાં જીવસંજ્ઞા, ૬ જીવમાં અજીવ સં
૭ કુસાધુમાં સુસાધુ સંજ્ઞા, ૮ સુસાધુમાં
સંજ્ઞા,

૯ અમુક્તમાં મુક્તસંજ્ઞા, ૧૦ મુક્તમાં અમુક્તસંજ્ઞા.

મિથ્યાત્વના ઘણા ભેદ કહેલા છે. વિધિ કૌમુદીમાંહિ તેર ભેદ કહેલા છે કોઈ ઠેકાણે એકવીસ ભેદ પણ કહ્યા છે, વિગેરે અનેક ભેદો છે તે ગ્રંથોમાં થી જાણી લેવા.

(ઉપદેશ પ્રસાદ ભાગ ૪ પૃ. ૨૪૬)

ત્રણ લિંગ

(૧) શ્રુતજ્ઞાન સાંભળવાની અતિ અભીલાષા

(૨) ધર્મ જે યતિ અને શ્રાવકનો ધર્મ તેને વિષે, રાગ, એટલે મનની અત્યંત પ્રીતિ.

(૩) દેવ, ગુરૂનુ વૈયાવચ્ચ.

૧. જિનેશ્વરની દ્રવ્યપૂજા તથા ભાવપૂજા વડે વૈયાવચ્ચ.

૨. ગુરૂની અશન પાનાદિક વડે સેવા કરવી.

વિનયદ્વાર.

અર્હંત, સિદ્ધ, મુનિ, ધર્મ, ચૈત્ય, શ્રુત, પ્રવ-ચન. આચાર્ય, ઊપાધ્યાય, અને દર્શનને વિષે,

પૂજા, પ્રશંસા, ભક્તિ, અવર્ણવાદનો નાશ, અને આશાતનાનો પરિત્યાગ કરવો, એમ દશ પ્રકારનો વિનય છે.

શુદ્ધિદ્વાર-મન, વચન, કયાની જે શુદ્ધિ તે સમક્તિ ને શુદ્ધ કરનારી થાય છે.

૧. મનશુદ્ધિ-જીન વચન, જે દ્વાદશાંગીરૂપ શાસ્ત્ર તેને સત્ય માનવું.

૨. જીનેશ્વરે પ્રરૂપેલા પદાર્થોનું સ્વરૂપ યથાર્થ વર્ણન કરવું અને જીન ભક્તિથી જે થાય નહી તે બીજાની ભક્તિથી થવાનું નથી એવું જે બોલવું તે વચન શુદ્ધિ.

૩. ખડગાદિકથી છેદાતા છતાં, અને બંધનવડે પીડાતા છતાં પણ જે મનુષ્ય શ્રી જીનેશ્વર વિના બીજા દેવને ન નમે, તે કાયશુદ્ધિ.

સમકિત દૂષણ દ્વાર.

૧ શ્રી અરિહંતે પ્રરૂપેલા ધર્મને વિષે સંદેહની બુદ્ધિ રાખવી તે શંકા દૂષણ.

૨ દેવથા અથવા સર્વથી અન્ય દર્શન નામતની જે
અભિલાષ તે સમ્યક્ત્વમાં આકાંક્ષા નામનો
દોષ જીનેશ્વરે એ કહેલો છે.

૩ કરેલી ધર્મ ક્રિયાનું ફલ મળશે કે નહી એવી
શંકા કરવી. તથા સાધુ સાધ્વીની દુગંછા કરવી
તે વિચિકિત્સા નામનો દોષ કહેવાયછે.

સમકિતની ૬ યતના (જયણા) વર્જવી.

૧ અન્ય તીર્થીઓના શંકરાદિક દેવોનું વંદન
પૂજન વિગેરે કદાપિ કરવું નહી.

૨ અન્ય તીર્થીઓએ ગ્રહણ કરેલી જિન પ્રતિ-
માનું પૂજન વંદન વિગેરે કદાપિ ન કરવું.

...મ ભાવે કરીને જેમના ચિત હીણાછે
શંકરાદિક તાપસોને " તમે કુશલછો "
...ક પુરક વારંવાર પુછવું તે.

...પ-એકવાર તેમને પુછવું તે.

તે મિથ્યાત્વીઓને એકવાર અથવા વારંવાર
દાનાદિક આપવું નહી તે.

સમકિતના છ આગાર—

સમકિતને વિષે ઉત્સર્ગ માર્ગે આગાર કહેલા નથી. પણ આગારો અપવાદ માર્ગેજ આપેલા છે.

૧ રાજાની આજ્ઞાવડે, તેના બળાત્કારથી અથવા વચનથી મિથ્યાત્વીઓને નમસ્કાર કરવો પડે તે રાજાભિયોગ કહેવાય છે.

૨ ગણાભિયોગ–મનુષ્યોના સમુદાયને ગણ કહે લો છે તે ગણના વાક્યથી નિષિધ કાર્યનું પણ સેવન કરવું પડે તે.

૩ વૃતિકાંતાર–દુકાળ ને વિષે અન્નાદિકના અભાવે તથા અરણ્યમાં ભુલા પડતાં જળ ફળ વિગેરેના અભાવે જીવવાને માટે જે કાંઈ મિથ્યાત્વનુ શેવન કરવું પડે તે " કાંતાર વૃતિ " નામનો આગાર કહેવાય છે.

૪ ગુરૂનિગ્રહ આગાર-પિતા, માતા, અને કલાચાર્ય જો મિથ્યાત્વી હોય અને તેથી તેઓ પોતાની ઇચ્છાથી કાંઈપણ નિષિદ્ધ કાર્ય કરાવે, તો તે ગુરૂ નિગ્રહ કેહવાય છે.

- [illegible]
  [illegible]
  [illegible]
  [illegible]
- [illegible]
  [illegible]
  [illegible]
- [illegible]
  [illegible]
- [illegible]
  [illegible]
  [illegible]
  [illegible]
- [illegible]
  [illegible]
  [illegible]
- [illegible]
  [illegible]

સમકિતના છ આગાર—

સમકિતને વિષે ઊત્સર્ગ માર્ગે આગાર કહેલા નથી. પણ આગારો અપવાદ માર્ગેજ આપેલા છે.

૧ રાજાની આજ્ઞાવડે, તેના બળાત્કારથી અથવા વચનથી મિથ્યાત્વીઓને નમસ્કાર કરવો પડે તે રાજાભિયોગ કહેવાય છે.

૨ ગણાભિયોગ–મનુષ્યોના સમુદાયને ગણ કહે લો છે તે ગણના વાક્યથી નિષિધ કાર્યનું પણ સેવન કરવું પડે તે.

૩ વૃતિકાંતાર–દુકાળ ને વિષે અન્નાદિકના અભાવે તથા અરણ્યમાં ભુલા પડતાં જળ ફળ વિગેરેના અભાવે જીવવાને માટે જે કાંઇ મિથ્યાત્વનુ શેવન કરવું પડે તે " કાંતાર વૃતિ " નામનો આગાર કહેવાય છે.

૪ ગુરૂનિગ્રહ આગાર-પિતા, માતા, અને કલાચાર્ય જો મિથ્યાત્વી હોય અને તેથી તેઓ પોતાની ઇચ્છાથી કાંઇપણ નિષિદ્ધ કાર્ય કરાવે, તો તે ગુરૂ નિગ્રહ કહેવાય છે.

૫ દેવાભિયોગ આગાર-કુલ દેવાદિકના વચને કરીને જે કાંઇ મિથ્યાત્વનું સેવન કરવું પડે તે સમ્યક્ત્વ ધારીને દેવાભિયોગ નામનો આગાર કહેવાય છે.

૬ બલાભિયોગ, ઘણા લોકોના હઠવાદથી અથવા કોઇના બલાત્કારથી ત્યાગ કરેલાનુ સેવન કરવું પડે તે.

આ છ આગારને છીંડીઓની સંજ્ઞા આપેલી છે.

સમક્તિની છ ભાવનાએ.

૧ પેહલી ભાવના-સમક્તિ એજ સર્વજ્ઞ ભાષિત શ્રાવક તથા સાધુ એ બન્ને પ્રકારના ધર્મરૂપ વૃક્ષનુ મુળ છે, કેમકે તે મુળ નિશ્ચળ હોય તોજ સ્વર્ગ મોક્ષાદિક ફળ પ્રાપ્ત થાય છે.

૨ બીજી ભાવના-સમક્તિ એ મોક્ષરૂપનું દ્વાર છે. કેમકે સમક્તિરૂપ દ્વાર વિના મોક્ષ પુરની અંદર પ્રવેશ થઇ શકતો નથી.

૩ ત્રીજી ભાવના-જિનેશ્વરે કહેલા ધર્મ રૂપી વાહનનું સમક્તિજ પ્રતિષ્ઠાન (નિશ્ચળપીઠ) છે, તે પ્રતિ-

સમકિતના છ આગાર—

સમકિતને વિષે ઊત્સર્ગ માર્ગે આગાર કહેલા નથી. પણ આગારો અપવાદ માર્ગેજ આપેલા છે.

૧ રાજાની આજ્ઞાવડે, તેના બળાત્કારથી અથવા વચનથી મિથ્યાત્વીઓને નમસ્કાર કરવો પડે તે રાજાભિયોગ કહેવાય છે.

૨ ગણાભિયોગ–મનુષ્યોના સમુદાયને ગણ કહેલો છે તે ગણના વાક્યથી નિષિધ કાર્યનું પણ સેવન કરવું પડે તે.

૩ વૃતિકાંતાર–દુકાળ ને વિષે અન્નાદિકના અભાવે તથા અરણ્યમાં ભુલા પડતાં જળ ફળ વિગેરેના અભાવે જીવવાને માટે જે કાંઇ મિથ્યાત્વનુ સેવન કરવું પડે તે " કાંતાર વૃતિ " નામનો આગાર કહેવાય છે.

૪ ગુરૂનિગ્રહ આગાર–પિતા, માતા, અને કલા ચાર્ય જો મિથ્યાત્વી હોય અને તેથી તેઓ પોતાની ઇચ્છાથી કાંઇપણ નિષિદ્ધ કાર્ય કરાવે, તો તે ગુરૂ નિગ્રહ કેહવાય છે.

५ देवाभियोग आगार-कुल देवादिकना वचने करीने जे कांई मिथ्यात्वनुं सेवन करवुं पडे ते सम्यक्त्व धारीने देवाभियोग नामनो आगार कहेवाय छे.

६ बलाभियोग, घणा लोकोना हठवादथी अथवा कोईना बलात्कारथी त्याग करेलानु सेवन करवुं पडे ते.

आ ६ आगारने छींडीओनी संज्ञा आपेली छे.

समकितनी ६ भावनाओ.

१ पेहली भावना-समकित एज सर्वज्ञ भाषित श्रावक तथा साधु ए बन्ने प्रकारना धर्मरूप वृक्षनु मुळ छे, केमके ते मुळ निश्चळ होय तोज स्वर्ग मोक्षादिक फळ प्राप्त थाय छे.

२ बीजी भावना-समकित ए मोक्षरूपनुं द्वार छे. केमके समकितरूप द्वार विना मोक्ष पुरनी अंदर प्रवेश थइ शकतो नथी.

३ त्रीजी भावना-जिनेश्वरे कहेला धर्मरूपी वाहणनुं [illegible]

જ્ઞાન નિશ્ચળ હોય તો ધર્મરૂપી ધ્યાન સ્થિર ટકી શકે છે.

૪ ચોથી ભાવના-સમકિત વિનયાદિ ગુણોનો આ (અવસ્થાન) છે. તે આધાર વિના વિનયાદિ ગુણો સ્થિર થતા નથી.

